# આકાશવાણી –ભુજ

## સમાચાર વાચક: તૌફીક સમાં

## કમ્પ્યુટરરાઈઝ: મીત  ગોર

તારીખ :14-04-2024  સમય: સાંજે : ૬:૨૫

## લોકસભા ચુંટણી સંકલ્પ પત્ર ભાજપ

ભારતીય જનતા પાર્ટીએ આજે નવી દિલ્હી સ્થિત તેના મુખ્ય કાર્યાલય ખાતેથી આગામી લોકસભા ચૂંટણી માટે સંકલ્પ પત્ર નામનું ચૂંટણી ઢંઢેરો  બહાર પાડ્યો છે. જેમાં પક્ષે સમાન નાગરિક સંહિતા, એક રાષ્ટ્ર એક ચૂંટણી અને સિંગલ મતદાર યાદીનું વચન આપ્યું છે.

ભાજપના અગ્રણી અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પક્ષના અધ્યક્ષ જે.પી. નડ્ડા, પક્ષના વરિષ્ઠ નેતાઓ રાજનાથસિંહ, અમીત શાહ, નિર્મલા સીતારમણ સાથે સંકલ્પ પત્રમાં ભાજપે પીએમ અન્ના યોજના હેઠળ આગામી પાંચ વર્ષ સુધી મફત રાશન આપવાનું ચાલુ રાખવાનું વચન આપ્યું છે.

વરિષ્ઠ નાગરિકોને આવરી લેવા માટે આયુષ્યમાન યોજનાનું વિસ્તરણ, ત્રણ કરોડ લક્ષપતિ બહેનોને સશકત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

ભાજપે ચૂંટણી ઢંઢેરામાં કહ્યું છે કે ગગનયાન લોન્ચ કરવામાં આવશે, જે ભારતનું પ્રથમ માનવ અવકાશ ઉડાન મિશન હશે અને ચંદ્ર પર અવકાશયાત્રી ઉતરશે. પક્ષે આગળ ભારતીય અંતરિક્ષા સ્ટેશનની સ્થાપના કરવાનું અને દેશ માટે બીજા લોન્ચ કોમ્પ્લેક્સને કાર્યરત કરવાનું વચન આપ્યું છે.

ચુંટણી ઢંઢેરામાં, ભારતને હવામાન-તૈયાર અને આબોહવા-સ્માર્ટ બનાવવા માટે મૌસમ નામનું રાષ્ટ્રીય વાતાવરણીય મિશન શરૂ કરવાનું વચન પણ આપવામાં આવ્યું છે.

RNU   AHMDAVAD / તૌફીક સમા

## દિવ્યાંગ વ્યક્તિઓ માટે હેલ્પ લાઈન

લોકસભા ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારીની સૂચનાસાર નોડલ ઓફિસર, પર્સન વિથ ડિસએબિલીટી (પી.ડબલ્યુ.ડી.) દ્વારા કચ્છ જિલ્લામાં મતદાર યાદીમાં નામ ધરાવતા તમામ દિવ્યાંગ/અશક્ત વ્યક્તિઓ/સિનીયર સિટીઝન સરળતાથી આગામી તા.૦૭ મેં ૨૦૨૪ ના દિવસે મતદાન કરી શકે તે માટે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, દ્વારા હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે.

આ માટે રૂમ નં.૧૧૬થી ૧૧૮, લેઉવા પટેલ હોસ્પિટલની બાજુમાં, જુની મામલતદાર કચેરી, ગ્રાઉન્ડ ફ્લોર, ભુજ-કચ્છ -૦૨૮૩૨-૨૫૬૦૩૮ ઉપર દિવ્યાંગ/અશક્ત વ્યક્તિઓ/સિનીયર સિટીઝન મતદાન સબંધિત મદદ માંગી શકે છે. સવારે ૧૦:૩૦થી સાંજના ૬:૦૦ સુધી હેલ્પલાઈન નં કાર્યરત રહે છે. હેલ્પલાઈન મતદાન સંબંધિત મુશ્કેલીઓ નિવારણ માટે મદદ થશે તેમ નોડલ અધિકારી, પીડબલ્યુડી ડૉ. બી.એન.રાઠવા દ્વારા જણાવાયું છે.

માહિતી ખાતું

---

## ડો. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ ની ઉજવણી

કચ્છ સહિત સમગ્ર દેશમાં આજે ડો. બાબાસાહેબ આંબેડકરની 134મી જન્મજયંતિની ઉજવણી થઈ રહી છે.

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વિધાનસભા સામે આવેલ બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી..

ભુજ ખાતે ડો. બાબાસાહેબ આંબેડકર ની પ્રતિમાને વિવિધ સંગઠનો દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવા માં આવી હતી.બાબા સાહેબની ભવ્ય શોભાયાત્રા યોજાઇ હતી, જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.જયારે કચ્છ ના વિવિધ શહેરો અને ગામડાઓમાં બાબા સાહેબ ની જન્મજયંતિની પ્રસંગે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.આ પ્રસંગે સામાજિક અને રાજકીય આગેવાનો સહિત બહોળી સંખ્યા માં લોકોએ બાબા સાહેબ ને યાદ કર્યા હતા.

**પરેશ મારું / તૌફીક સમા**

## IPS અધિકારીઓની બઢતી બદલી

લોકસભા 2024ની ચૂંટણીની વચ્ચે ગુજરાતમાં 35 આઈપીએસ અધિકારીઓની બઢતી અને બદલીના આદેશ કરાયા છે કચ્છ બોર્ડર રેંજ ના આઈ.જી જે.આર.મોથાલીયા ની  અમદાવાદ રેન્જના આઈજી તરીકે પ્રમોશન આપીને બદલી કરવામાં આવી.તો પૂર્વ કચ્છમાં ફરજ બજાવી ચૂકેલા આઈપીએસ ચિરાગ કોરડીયા ને કચ્છ બોર્ડર રેન્જના નવા આઈ જી તરીકે ની  જવાબદારી સોંપવામાં આવી છે  તથા પશ્ચિમ કચ્છ ના એસ પી  મહેન્દ્ર બગડીયા  બઢતી સાથે  પશ્ચિમ કચ્છ માં જ ફરજ નિભાવશે.

NP/ તોફીક સમા

---

## ભૂકંપ આંચકા

ભૌગોલિક વિશેષતાઓ ધરાવતા સરહદી કચ્છ જિલ્લામાં કચ્છમાં લગાતાર નાના આંચકાઓ આવતા રહે છે. ત્યારે આજે વહેલી સવારે  5.8 મિનિટે વધુ એક ભૂકંપનો આંચકો નોંધાયો હતો.ભુજ તાલુકાના ખાવડાથી 21 કિલોમીટર દૂર પશ્ચિમ દિશાએ કેન્દ્રબિંદુ ધરાવતા 2.9ની તીવ્રતાના આંચકા  અનુભવાયો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા 10 દિવસમાં કચ્છની ધરા 2.9ના આંચકાથી બે વખત ધ્રુજી ઉઠી હતી.

NP/ તોફીક સમા

---

## હવામાન

હવામાન વિભાગની આગાહી વચ્ચે આજે કચ્છ ના  અંજાર શહેર માં 2 ઇંચ વરસાદ પડ્યો છે. બપોરે જિલ્લા મથક ભુજ ખાતે વરસાદી ઝાપટા પડ્યા હતા,ગાંધીધામ આદિપુર સહિતના વિસ્તારોમાં વરસાદ પડ્યો છે કમોસમી વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે તો ખેડૂતોને પણ નુકસાન થવાની ભીતિ સેવી રહ્યા છે .

હેમાંગ પટ્ટની / તોફીક સમા

---